# ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયો ઘરે-રહો હુકમની અમલબજવણી અને જાહેર આરોગ્ય ઉપાયોને વધારે મજબૂત કરી રહ્યું છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (એપ્રિલ 16, 2021) – આજે, ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ ઘોષણા કરી કે તેઓ નવા પ્રવાસ પ્રતિબંધો અને જાહેર આરોગ્ય ઉપાયો વધારે મજબૂત કરવાની સાથે સાથે, પ્રોવિન્સના ઘરે રહેવાના હુકમની અમલબજવણી પણ મજબૂત કરી રહ્યાં છે.

**અમલબજવણી**

જાહેર જનતાનું ઘરે રહેવાના હુકમ સાથેનું અનુપાલન વધારવા અને COVID-19 નો ફેલાવો રોકવા, કટોકટી હુકમમાં સુધારાઓ કરવામાં આવ્યા છે જે ઓન્ટેરિયોના ઘરે રહેવાના હુકમની અમલબજવણીને ટેકો આપવા પોલીસ અધિકારીઓ અને ગુનાઓ પર ધ્યાન આપતા પ્રોવિન્સના અન્ય અધિકારીઓને વધારે સત્તા પૂરી પાડશે.

શનિવાર, એપ્રિલ 17, 2021 નાં રોજ મળસ્કે 12:01 વાગ્યાથી અમલી બનીને, પોલીસ અધિકારીઓ અને ગુનાઓ પર ધ્યાન આપતા પ્રોવિન્સના અન્ય અધિકારીઓ પાસે કોઈપણ વ્યક્તિને પોતાના ઘરનું સરનામું પૂરું પાડવા અને પોતાનો ઘરે ન રહેવા પાછળનો હેતુને લગતી પૂછપરછ કરવાની સત્તા રહેશે. વધુમાં, પોલીસ અધિકારીઓ, સ્પેશિયલ કોન્સ્ટેબલો અને ફર્સ્ટ નેશન કોન્સ્ટેબલો પાસે વાહનોને રોકીને વ્યક્તિને પોતાનું ઘર છોડવા પાછળના કારણો વિશે પૂછપરછ કરવાની સત્તા રહેશે. આ વધારાની અમલબજવણી માત્ર ઘરે રહેવાના હુકમ દરમિયાન અને ઘરે રહેવાના હુકમનો અમલ કરાવવા અસરકારક રહેશે.

**મજબૂત બનાવેલા જાહેર આરોગ્ય ઉપાયો**

પ્રોવિન્સની કટોકટીની ઘોષણા અને ઘરે રહેવાનો હુકમ બંને વધુ બે અઠવાડિયા સુધી લંબાવવામાં આવ્યા છે જેથી COVID-19 નો ફેલાવો રોકવામાં મદદ મળે. ઘરે રહેવાના હુકમમાં ગ્રોસરી સ્ટોર કે ફાર્મસીમાં ખરીદી કરવા જવું, આરોગ્ય સંભાળ સેવાઓ મેળવવી, વ્યાયામ માટે અથવા અનિવાર્ય કામકાજ માટે બહાર જવું જેવા અનિવાર્ય હેતુઓ સિવાય દરેક વ્યક્તિ માટે ઘરે રહેવું અનિવાર્ય બને છે.

સરકાર શનિવાર, એપ્રિલ 17, 2021 નાં રોજ મળસ્કે 12:01 વાગ્યાથી નીચેના જાહેર આરોગ્ય અને કાર્યસ્થળે સુરક્ષા ઉપાયોનો અમલ કરાવવાનો હેતુ પણ ધરાવે છે:

- એક જ ઘરના સભ્યો સાથે હો અથવા ઘરની બહાર એકલી રહેતી અન્ય એક વ્યક્તિ સાથે હો અથવા ઘરના કોઈ સભ્ય માટે સંભાળકર્તા સિવાય, બધાં આઉટડોર સામાજિક મેળાવડા અને આયોજિત જાહેર પ્રસંગો પ્રતિબંધિત કરવા;
- બાંધકામ ક્ષેત્રમાં બધાં અનિવાર્ય-સિવાયના (નોન-એસેન્સિયલ) કાર્યસ્થળો બંધ કરવા;
- સ્ટોરની અંદર રહીને ખરીદી કરવાની પરવાનગી આપી હોય તેવા બધાં રિટેઈલ સ્થળોમાં ક્ષમતા સીમા ઘટાડીને 25 ટકા કરવી. આમાં સુપરમાર્કેટ્સ, ગ્રોસરી સ્ટોર્સ, કન્વેનિયન્સ સ્ટોર્સ, ઈનડોર ફાર્મર્સ માર્કેટ્સ, અન્ય સ્ટોર્સનો સમાવેશ થાય છે જે મુખ્યત્વે ખાદ્ય પદાર્થો અને દવાઓ વેચતા હોય; અને,
- બધી આઉટડોર રિક્રિએશનલ કોર્ટ્સ અને સ્પોર્ટ્સના મેદાનો બંધ કરવા, જેમ કે ગોલ્ફ કોર્સીસ, બાસ્કેટબૉલ કોર્ટ્સ અને સોકર મેદાનો, સીમિત અપવાદો સાથે.

વધુમાં, સોમવાર, એપ્રિલ 19, 2021 નાં રોજ મળસ્કે 12:01 વાગ્યાથી અમલી બનીને, પ્રોવિન્સ લગ્ન સમારોહ, અંતિમ સંસ્કાર અને ધાર્મિક સેવાઓ, વિધિઓ કે ઉત્સવોની ક્ષમતા ઘટાડીને ઈનડોર્સ કે આઉટડોર્સ 10 લોકો સુધી કરશે. આ સેવાઓ સાથે સંકળાયેલા સામાજિક મેળાવડા જેમ કે રિસેપ્શન્સ પર પ્રતિબંધ છે, એક જ ઘરના સભ્યો સાથે અથવા ઘરની બહાર એકલી રહેતી અન્ય એક વ્યક્તિ સાથે હો તે સિવાય. ડ્રાઈવ-ઈન સેવાઓને પરવાનગી મળશે.

સમગ્ર પ્રોવિન્સને આવરી લેતી ઈમરજન્સી બ્રેક (એટલે કે માત્ર કર્બસાઇડ પિક-અપ અને ડિલિવરી) હેઠળ અનિવાર્ય-સિવાયના રિટેઇલ માટે અન્ય બધાં જાહેર આરોગ્ય અને કાર્યસ્થળે સુરક્ષા ઉપાયો લાગુ રહેવાનું ચાલુ રહેશે.

વધુ માહિતી અહીં વાંચો.

## સીટી સર્વિસીસ અને ફેસિલિટીસ

### *સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો*

સીટી હૉલ અને કોર્પોરેટ સગવડો માત્ર એપોઇન્ટમેન્ટથી રૂબરૂમાં સેવાઓ માટે ખુલ્લી રહે છે. વૉક-ઇન્સને પરવાનગી આપવામાં આવી નથી. એપોઇન્ટમેન્ટ બૂક કરાવવા વેબસાઇટ જુઓ, www.brampton.ca/skiptheline.

### *સીટી રિક્રિએશન સેન્ટર્સ અને આઉટડોર સગવડો*

સીટી ઓફ બ્રેમ્પટનની બધી મનોરંજનલક્ષી સગવડો જાહેર જનતા માટે બંધ રહેશે અને ઇનડોર પ્રોગ્રામ્સ આગળ નોટિસ આપતા સુધી રદ રહેશે.

બધી આઉટડોર રિક્રિએશનલ કોર્ટ્સ અને સ્પોર્ટ્સના મેદાનો, જેમ કે ગોલ્ફ કોર્સીસ, બાસ્કેટબૉલ કોર્ટ્સ અને સોકર મેદાનો, સીમિત અપવાદો સાથે બંધ કરવામાં આવ્યા છે. રમતગમતના મેદાનો ખુલ્લા રહે છે.

ઉદ્યાનો અને રસ્તાઓ ખુલ્લા રહે છે. ઉદ્યાનોમાંની વૉશરૂમ સગવડો બંધ રહેશે.

### *વર્ચ્યુઅલ પ્રોગ્રામ્સ*

*વર્ચ્યુઅલ ફિટનેસ*

રહેવાસીઓને ઈન્સ્ટ્રક્ટરની આગેવાનીમાં તાલીમબદ્ધ શિક્ષકો સાથે 30-મિનિટના મફત લાઇવ વર્ચ્યુઅલ ફિટનેસ વર્ગોમાં સહભાગી થવાનું નિમંત્રણ આપવામાં આવે છે.

*55+ વર્કશોપ્સ*

55 વર્ષ અને વધારે ઉંમરના બ્રેમ્પટનવાસીઓ પોતાના ઘરેથી વર્ચ્યુઅલ વર્કશોપ્સ માટે મફતમાં નોંધણી કરાવી શકે છે અને ઓનલાઇન સત્રોમાં જોડાઇને પ્રવૃત્તમય રહી શકે છે. સહભાગીઓ પાસે સુરક્ષિત અને સંરચિત વાતાવરણમાં સોશિયલાઇઝ થવાની, નવા મિત્રો બનાવવાની અને ઓનલાઇન જોડાવાની તક રહેશે.

*સર્વગ્રાહી વર્ચ્યુઅલ પ્રવૃત્તિઓ અને વર્કશોપ્સ*

આ શ્રેણી અશક્તતા ધરાવતા અને અપવાદમય સહભાગીઓ માટે પ્રવૃત્તિઓમાં જોડાવાની, કંઇક નવું શીખવાની અને સમોવડિયાઓ સાથે સ્થાયી મિત્રતા બનાવવાની ચડિયાતી તક છે.

નોંધણી કેવી રીતે કરવી તે સહિત, વર્ચ્યુઅલ પ્રોગ્રામ ઓફર્સ સંબંધમાં વધુ માહિતી વેબસાઈટ www.brampton.ca/recreation પર ઓનલાઈન જોઇ શકાય છે.

*રૅક એટ હોમ (Rec At Home)*
ઘરે બેઠાં સ્વ-માર્ગદર્શક ઓનલાઈન આર્ટ્સ અને ક્રાફ્ટ ટ્યુટોરિયલ્સ સાથે સક્રિય અને પ્રવૃત્તમય રહો, 24/7 પહોંચ સુલભ! ઓરિગામી હાર્ટ્સ બનાવવાની રીત શીખો, તમારી કેલિગ્રાફી આવડતો, અને ઘણાં બધાંનો મહાવરો કરો. વિવિધ રૅક એટ હોમ પ્રવૃત્તિઓમાં અહીંથી પ્રવેશો, તેને બ્રેમ્પટન રિક્રિએશને પ્રેમપૂર્વક બનાવી છે.

**મેન્ડેટરી ફેસ કવરિંગ્સ**

મેન્ડેટરી ફેસ કવરિંગ્સ બાય-લૉ હેઠળ, બ્રેમ્પટનમાં બધી ઈનડોર જાહેર જગ્યાઓમાં નોન-મેડિકલ માસ્ક્સ કે ફેસ કવરિંગ્સ પહેરવા અનિવાર્ય છે. જાહેર સંસ્થાઓ અને ધંધાઓએ પોતાના નિયંત્રણ હેઠળની ઈનડોર જાહેર જગ્યાઓમાં માસ્ક્સ કે ફેસ કવરિંગ્સ પહેરવામાં આવતા હોવાની ખાતરી કરવી અનિવાર્ય છે.

આ બાય-લૉ (પેટા-કાનૂન) મુક્તિ આપે છે, તબીબી કારણોસર માસ્ક કે ફેસ કવરિંગ ના પહેરી શકે તેવી વ્યક્તિઓ સહિતની ચોક્કસ વ્યક્તિઓને; બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને; કટોકટી હુકમો અનુસાર એથલેટિક (કસરતી) પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તમય લોકોને. વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ: www.brampton.ca/masks.

રહેવાસીઓ અને ધંધાઓ વધુ માહિતી અને સર્વિસ વિનંતીઓ માટે 311 નંબર પર કૉલ કરી શકે છે, વેબસાઈટ www.311brampton.ca જોઇ શકે છે અથવા 311 મોબાઈલ ઍપનો ઉપયોગ કરી શકે છે.

**લિંક્સ (કડીઓ)**

વધુ માહિતી મેળવો:

- સીટી ઓફ બ્રેમ્પટન COVID-19 પ્રોગ્રામિંગ અને સર્વિસ અપડેટ્સ
- સીટી ઓફ બ્રેમ્પટન – શું ખુલ્લું છે, શું બંધ છે
- COVID-19 નાં લક્ષણો
- COVID-19 વેક્સીન (રસી)
- બ્રેમ્પટનમાં ટેસ્ટિંગ
- સેલ્ફ-આઈસોલેટ કેવી રીતે થવું
- COVID-19 દરમિયાન ધંધાઓ અને કાર્યસ્થળોને સુરક્ષિત રાખવા
- પીલમાં COVID-19 નાં કેસીસ

-- 30 --

**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રૅમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca